સુરેન્દ્ર સ્મારકમાળા.

અં. ૧ લો.

ગુજરઆઠં

મૂલ્ય આના બે

બંધુ હરેન્દ્ર સ્મારક માળા અં. ૧ લો.

ગુરૂ પ્રસાદ.

લેખક,

જ. કૃષ્ણમૂર્તિ.

(આલકીયોની)

ભાષાન્તર કર્તા,

ભટ્ટ ત્ર્યમ્બકલાલ રામચંદ્ર.

પ્રકાશક,

વીરબલ હ. મહેતા.

વ્યવસ્થાપક-જીજ્ઞાસુ,

આમલીરાન-ગોપીપુરા-સુરત.

સુરત-'જૈન' પ્રીન્ટીંગ વર્કસ લીમીટેડમાં શા.
જેઠાલાલ દલસુખરામે છાપ્યું.

પ્રસ્તાવના (ભાષાન્તર કર્તાની)

આ પુસ્તક મૂળ અંગ્રેજી ભાષામાં લખાયલું છે; અને તેના અંગ્રેજી નામનું ભાષાંતર 'ગુરૂદેવને ચરણે' એવું થાય છે. પરંતુ ગુરૂપ્રસાદ એ નામ વધારે સૂચક લાગવાથી મેં તે નામ આપ્યું છે.

આ પુસ્તક આબાલવૃદ્ધને ઉપયોગી હોવાથી તેનું ગુજરાતીમાં ભાષાન્તર જેમ બને તેમ સરળ ભાષામાં કરવાનો પ્રયત્ન કર્યો છે. આમ કરતાં મૂળ વિચારનું ગૌરવ જતું ન રહે તેટલા માટે પ્રિય બંધુ પરશુરામને આ ભાષાન્તર બતાવવામાં આવ્યું હતું. એમણે આદ્યંત સાંભળી જઈ જે જે સુધારા દર્શાવ્યા તે દાખલ કર્યાં છે.

બ્રહ્મજીજ્ઞાસુ મંડળમાં સભ્ય તરીકે દાખલ થતાં એક વર્ષમાંજ આ દેહ ત્યજી ગએલા સ્વ. બંધુ હરેન્દ્ર વામનરામ મહેતાના સ્મરણ અને શ્રેય

સારૂ એમના પિતા **રા. રા. વામનરામ** કપિલરામ **મહેતા, ન્યાયાધીશ સાહેબ, ભાવનગર** એમણે અમુક રકમ જીજ્ઞાસુના વ્યવસ્થાપકને આપેલી તેમાંથી એ સદ્ગત બંધુના સ્મારક તરીકે આ ભાષાંતર પ્રકટ કરવામાં આવ્યું છે. કારણ કે અલ્પ સમયમાં પણ એ બંધુને બ્રહ્મવિદ્યા પ્રતિ ઘણી રૂચિ થઈ હતી. પરમકૃપાળુ પ્રભુ એ બંધુના આત્માને શાંતિ આપો. અસ્તુ.

પ્રસ્તાવના.

મારા નાના બંધુએ લખેલા આ લઘુ પુસ્તકની પ્રસ્તાવનાના બે બોલ લખવાનો હક હું મોટી ઉમરની હોવાથી મને આપવામાં આવ્યો છે. એ બંધુનુ આ પ્રથમ પુસ્તક છે. ખરેખર એ બંધુ માત્ર વયમાંજ નાના છે. પણ એમનો આત્મા નાનો નથી. દીક્ષા આપવાને સારૂ એમને તૈયાર કરતી વખતે એમના ગુરૂદેવે આ પુસ્તકમાં આપેલો બોધ એમને કર્યો હતો; ધીમે ધીમે અને પ્રયત્ન વડે આ બોધ એમણે સંભારી સંભારીને લખેલો છે; કારણ કે ગયે વર્ષે એમની અંગ્રેજી ભાષા આજના જેટલી સરળ વહેતી ન હતી. પુસ્તકનો મોટો ભાગ તો ગુરૂદેવનાજ શબ્દોમાં લખેલો છે; અને જ્યાં ગુરૂદેવના શબ્દેશબ્દ ટાંકી શકાયા નથી ત્યાં ગુરૂદેવના વિચાર શિષ્યની વાણીમાં લખાયલા છે. એ

રહી ગયેલાં વાક્ય ગુરૂદેવે પૂરાં પાડયાં છે; અને બીજે બે સ્થળે રહી ગયેલો શબ્દ ઉમેરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ પુસ્તક સર્વાંશે આલકીયોની એ પોતે લખેલું છે; અને તે દુનીઆને એમની પ્રથમ પ્રસાદી છે.

બોલાયલાં બોધવચનથી જેટલી મદદ તેમને મળેલી છે તેટલીજ બીજાને મળો એવી આશાથી આ પુસ્તક એ રજુ કરે છે. ગુરૂદેવના મુખમાંથી જ્યારથી આ બોધ વચનો નીકળ્યાં ત્યારથી એ તે પ્રમાણે વર્તતા રહે છે; તેજ પ્રમાણે બીજાઓ જો પોતાનું જીવન ગાળે તોજ આ બોધ તેમને ફળ-દાયક થઈ પડે. બોધ અને દૃષ્ટાંત બંને પ્રમાણે જો આચાર રાખવામાં આવશે તો જેમ લેખકનાં જ્ઞાનનાં ગુપ્ત દ્વાર ખુલ્યાં છે, તેમ વાંચનારનાં પણ ખુલશે અને તે દીક્ષામાર્ગમાં પ્રવેશ કરશે.

આની બીસેન્ટ

असतो मा सद्गमय
तमसो मा ज्योतिर्गमय
मृत्योर्मा मृतङ्गमय

અસદ્ માર્ગમાંથી મને સદ્માર્ગમાં લાવો
અંધારામાંથી મને અજવાળામાં લાવો
મરણમાંથી બચાવી મને અમર કરો.

ઉપોદ્ઘાત.

આ શબ્દો મારા નથી; એ મને શીખવનાર મારા ગુરૂદેવના છે. એમના વિના હું કાંઈ પણ કરી શકત નહિ. પણ એમની મદદથી દીક્ષામાર્ગમાં મેં પ્રવેશ કર્યો છે. તેજ માર્ગે જવાની તમારી પણ ઇચ્છા છે; તેથી તેઓશ્રીના આ શબ્દો પ્રમાણે જો તમે ચાલશો તો તે તમને પણ મદદ કરશે. આ શબ્દો સાચા અને સુંદર છે એટલું કહેવું બસ નથી; જે માણસને જીત મેળવવી છે તેણે તો કહેલો શબ્દે શબ્દ પાળવો જોઇએ. ભૂખ્યો માણસ ખોરાક તરફ જોઇને કહે કે તે સારો છે તેટલાથી તેની ભૂખ મટે નહિ; તે સારૂ તો તેણે હાથ લંબાવી ખાવું જોઇએ. તેજ પ્રમાણે ગુરૂદેવનો બોધ સાંભળવો

એટલું બસ નથી; દરેક સૂચના ઉપાડી લેવી જોઈએ; જો કોઈ સૂચના ઉપાડી લેવામાં ન આવે, જો એકાદ શબ્દ ઉપર ધ્યાન ન રહે, તો, આ સૂચના અને શબ્દ ગયાં તે ગયાં જ સમજવાં; કારણ કે ગુરૂદેવ એ વખત બોલતા નથી.

આ દીક્ષામાર્ગ ઉપર જવાનાં ચાર સાધનો.

*(સાધનચતુષ્ટય).

વિવેક.

વૈરાગ્ય.

સદાચાર (ષટ્સંપત્તિ) *

પ્રેમ (મુમુક્ષુતા) *

---

* ભાષાન્તરમાં લખેલા શબ્દોને સ્થાને જે શબ્દો વાપરવાનો પ્રચાર છે તે કૌંસમાં આપેલા છે. (ભા. ક.

ગુરૂ પ્રસાદ.

આ ચાર સાધનોમાં પ્રથમ વિવેક છે; એનો સામાન્ય અર્થ સત્ય અને અસત્ય વસ્તુ ઓળખવી એવો થાય છે. આ જ્ઞાનથી માણસ દીક્ષામાર્ગમાં પ્રવેશ કરે છે. આનો આવો અર્થ છે; પણ એના કરતાંએ વધુ અર્થ એમાં રહેલો છે. આ માર્ગમાં પ્રવેશ કરતી વખતેજ આ ગુણ પ્રમાણે ચાલવાનું નથી પણ માર્ગને છેડે પહોંચતા સુધી દરરોજ દરેક પગલે આ પ્રમાણે ચાલવાનું છે. તું આ માર્ગમાં પ્રવેશ કરે છે તેનું કારણ માત્ર એટલુંજ કે તું જાણે છે કે મેળવવા જેવી સઘળી વસ્તુઓ માત્ર આજ માર્ગે મળે એમ છે. અજ્ઞાની માણસો ધન અને સત્તા મેળવવા મહેનત કરે છે; પણ તે બહુ બહુતો આ એકજ જીંદગાની ચાલે છે; અને તેટલા

માટે અનિત્ય છે. આના કરતાં મોટી વસ્તુઓ છે જે સત્ય અને નિત્ય છે. આ વસ્તુઓને તું એક વખત જોઇશ એટલે પેલી બીજી વસ્તુઓની ઇચ્છા કરીશ નહિ.

આખી દુનીઆમાં બે જાતનાં માણસો છે; જ્ઞાની અને અજ્ઞાની. એ જ્ઞાનમાં બધું સમાએલું છે. કોઈ માણસ કયા ધર્મનો છે, કેવી જાતનો છે, એ વાતમાં માલ નથી; ખરી ઉપયોગી વાત તો આ જ્ઞાન છે. અને આ જ્ઞાન તે મનુષ્યને માટે ઈશ્વરે ઘડેલી યોજના વિષે છે; કારણ ઈશ્વરે આવી યોજના રચેલી છે. એ યોજના તે વિકાસક્રમ છે. એકજ વખત માણસ તેને જુએ અને બરાબર સમજે તો પછી તે દિશામાં ગયા વિના અથવા તેની સાથે એક થઇ ગયા વિના રહેજ નહિ; કારણ કે આ યોજના એવી તો ભવ્ય અને સુંદર છે કે વાત નહિ. તેથી જ્ઞાની માણસ ઈશ્વરની બાજુએ ઉભો

રહે છે, સારાં કામોને ટેકો આપે છે અને નઠારાંની સામો થાય છે; તે જે કાંઇ કરે છે તે સ્વાર્થ સાધવા નહિ પણ વિકાસક્રમને મદદ કરવા માટેજ.

જો તે ઇશ્વરની બાજુએ ઉભો રહે છે તો તે આપણામાંનો એક છે; અને તે પછી **હિંદુ** હોય કે **બૌદ્ધ** હોય, **ક્રિશ્ચીયન** હોય કે **મુસલમાન** હોય, **હિંદવાસી** હોય કે **અંગ્રેજ** હોય, **ચીનો** હોય કે રસ્યન હોય તેથી શું ? જે ઇશ્વરની બાજુએ ઉભા રહે છે તે જાણે છે કે આપણે અહિં શા માટે આવ્યા છીએ અને અહિં શું કરવાનું છે; અને તે પ્રમાણે કરવા તે યત્ન કરે છે. બીજા બધા અહિં શું કરવું તે હજુ જાણતા નથી, અને તેથી ઘણીવાર મૂર્ખાઇ ભરેલું કામ કરે છે અને આનંદ મેળવવાની આશાએ નવા નવા રસ્તાઓ શોધી કાઢે છે; પણ તે જાંણતા નથી કે સર્વ એકજ છે અને તેથી એક ઇશ્વરની જે ઇચ્છા હોય તેજ સર્વ

ને માટે હમેશાં આનંદ આપનારી હોઈ શકે; તેઓ નિત્ય વસ્તુને છોડી અનિત્ય વસ્તુને માટે મથે છે; આ બંનેમાં ભેદ સમજતા સુધી તેઓ ઈશ્વરની બાજુએ ઉભા રહેલા નથી. માટે વિવેક પહેલું પગલું છે.

તથાપિ એક વખત આવો વિવેક કર્યા પછી પણ હમેશાં યાદ રાખવું કે નિત્ય અને અનિત્ય વસ્તુઓની પણ ઘણી જાતો છે; અને તેથી યોગ્ય અને અયોગ્ય, જરૂરની અને બીન જરૂરી, ઉપયોગી અને નિરૂપયોગી, સાચી અને જૂઠી, સ્વાર્થી અને નિઃસ્વાર્થી વસ્તુઓનો હજુ પણ વિવેક કરવો જોઇએ.

યોગ્ય અને અયોગ્ય વસ્તુઓનો વિવેક કરવામાં કાંઇ અઘરૂં લાગવું જોઇએજ નહિ; કારણ કે ગુરૂ દેવને પગલે ચાલવા ઇચ્છનારાએ તો ફાવે તેમ થાય તો પણ જે યોગ્ય હોય તેજ સ્વીકારવાનો નિશ્ચય કરેલો હોય છે; પણ દેહ અને દેહી (જીવાત્મા)

બે જુદી વસ્તુ છે; અને દેહને જે જે ઇચ્છાઓ થાય છે તે બધી દેહીનીજ હોય છે એમ નથી. જ્યારે તારા શરીરને કાંઇ ઇચ્છા થાય ત્યારે થોભ અને તારી પોતાની તે ખરેખરી ઇચ્છા છે કે નહિ તેનો વિચાર કર; કારણ કે તું—દેહી-ઈશ્વર છે અને ઈશ્વરની જે ઇચ્છા છે તેજ તારી ઇચ્છા છે; પણ તારામાં રહેલા ઇશ્વરને શોધી કાઢવા સારૂ તારા અંતરમાં ઉંડો ઉતર અને તેના અવાજને સાંભળ; તે અવાજ તે તારો પોતાનોજ અવાજ છે. તારાં શરીરો તે તું પોતે છે એવું ભૂલથી ગણી લેતો નહિ. **સ્થૂલશરીર**, **સૂક્ષ્મશરીર**, કે **માનસિકશરીર** તેમાનું એકે તું પોતે નથી. તે દરેક આત્મા ગણાવા દાવો કરશે, કે જેથી તે પોતાની ઇચ્છાને તૃપ્ત કરે. પછી તારે આ સર્વને ઓળખવાં અને તું પોતે તેમનો સ્વામી છે તે સમજવું.

કર્યા વિના નજ ચાલે એવું કામ કરવાનું આવે ત્યારે સ્થૂલ શરીરને આરામ જોઇએ છીએ; તેને ફરવા જવાનું અથવા ખાવાપીવાનું મન થાય છે; અને અજ્ઞાની માણસ મનમાં બોલે છે કેઃ—'આ બધું કરવાની મારી ઇચ્છા છે અને હું તે કરીશજ; પણ જ્ઞાની માણસતો કહે છે કે 'આ ઇચ્છા કરનાર હું નથી. અને તેથી તેણે જરા થોભવું જોઇએ.' ઘણી વખતે કોઇને મદદ કરવાની તક મળતાં શરીરને લાગે છે કે આ મને કેટલી બધી મહેનત પડશે; બીજો કોઇ તે કરેતો ઠીક. પણ દેહી પોતાના શરીરને ઉત્તર આપે છે કે સારૂં કામ કરવામાં તું મારી આડે આવી શકનાર નથી.

શરીર તારૂં પશુ છે, તારો સ્વારી કરવાનો ઘોડો છે; માટે તારે તેની બરદાશ કરવી, તેની સારી સંભાળ રાખવી, તેની પાસે ગજા ઉપરાંત કામ કરાવવું નહિ; સ્વચ્છ ખાણા પીવાનું તેને પૂરતું

આપી તેનું પોષણ કરવું; હમેશાં તેને તદન સાફ સુફ રાખવું અને કચરાનો જરાએ ડાઘો સરખો પણ તેના ઉપર રહેવા દેવો નહિ; કારણકે પૂરેપુરા સ્વચ્છ અને તનદુરસ્ત શરીર વિના માર્ગમાં પ્રવેશ કરવાને તૈયાર થવામાં જે સખ્ત કામ કરવું પડે છે તે તારાથી થશે નહિ; તારાથી તેનું ચાલુ દબાણ ખમી શકાશે નહિ. પણ હમેશાં એવું બનવું જોઇએ કે સ્થૂલ શરીર તારે તાબે રહે અને નહિ કે તું તેને તાબે.

સૂક્ષ્મશરીરને તેની પોતાની ઇચ્છાઓ છે; બધી ઘણીએ છે. તે તેને ગુસ્સો કરવા, તારી પાસે કડવા શબ્દ બોલાવવા, તારામાં અદેખાઇ ઉત્પન્ન કરવા, ધનનો તને લોભી બનાવવા, બીજા માણસની સંપતિ જોઈ તારૂં મન બાળવા, તને નિરૂત્સાહ કરવા, એવી એવી ઇચ્છાઓ તે કરે છે. આ અને એવી બીજી ઇચ્છાઓ તે કરે છે તેમાં એનો તને નુકસાન કરવાનો

વિચાર નથી પણ એને ખળભળાટ કરે એવાં મોજાં (આન્દોલનો) બહુ ગમે છે; અને એ મોજાં જુદી જુદી જાતનાં થાય એમ ઇચ્છે છે. પણ આ કોઈ વસ્તુની ઇચ્છા તને-દેહીને-થતી નથી. માટે તારે તારી પોતાની અને તારા શરીરની ઇચ્છાઓનો વિવેક કરવો જોઈએ.

તારૂં માનસિક શરીર અભિમાન આણી પોતાને બીજાઓથી જુદું ગણવા ઇચ્છે છે, પોતાનો બહુ વિચાર કરે છે, અને બીજાઓનો કાંઈ નહિ. વિષયી વસ્તુ ઉપરથી તેં એને દૂર કર્યું હોય છે તોપણ તે હજુ પોતાનો વિચાર કરવા મથે છે, બીજાને મદદ કરવી અને ગુરૂદેવના કામનો વિચાર કરવો તે પડતું મૂકી તું પોતે કેટલો આગળ વધ્યો છે તેનો તારી પાસે વિચાર કરાવવા તે મથે છે. જ્યારે તું ધ્યાન કરવા બેસીશ ત્યારે તારે જેનું ધ્યાન કરવાની ઇચ્છા હશે તેને દૂર કરી ઘણી બીજી બીજી વાતોનો તારી પાસે વિચાર કરાવવા તે મથશે. તું આ મન નથી,

પણ તારૂં તે હથિઆર છે. માટે અહિંપણ વિવેકની જરૂર છે. તારે આઠે પહોર ચેતતા રહેવું, નહિંતો તું પાછો પડીશ.

યોગ્ય તે યોગ્યજ અને અયોગ્ય તે અયોગ્યજ. ગુપ્ત વિદ્યામાં એમાં કાંઈ ધરછોડ થાય નહિ. ફાવે તેટલું દેખીતું નુકસાન થાય તોપણ જે યોગ્ય હોય તે તારે કરવું, અયોગ્ય કદી કરવું નહિ, અને અજ્ઞાની માણસો ફાવે તે કહે તેની દરકાર કરવી નહિ. કુદરતના ગુપ્ત નિયમોનો તારે ઉંડો અભ્યાસ કરવો, અને આ નિયમો જાણ્યા પછી તારી બુદ્ધિ અને સાધારણ સમજનો હમેશાં ઉપયોગ કરી તે પ્રમાણે તારૂં જીવન ગાળવું.

જરૂરની અને બીન જરૂરી વસ્તુઓનો તારે વિવેક કરવો. જ્યાં યોગ્ય અયોગ્ય વસ્તુની વાત આવે ત્યાં ખડકની પેઠે અડગ ઉભા રહેવું, પણ નજીવી વસ્તુઓમાં હમેશાં બીજાઓનો હાથ ઉપર

રહેવા દેવો, કારણ તારે હમેશાં નમ્ર, દયાવાન, વિવેકી, અને સમય જોઇને ચાલનાર થવું, અને જેટલી સ્વતંત્રતાની તારે જરૂર છે તેટલીજ બીજાઓને લેવા દેવી.

કરવા જેવું શું છે તે સમજવા યત્ન કર, અને તે કામ હલકું અથવા ભારે ગણાતું હોય તે ઉપરથી તેની તુલના કરવાની નથી તે યાદ રાખ. દુનીઆ જે કામને સારૂં ગણે એવું મોટું કામ કરવાના કરતાં ગુરૂદેવના કાર્યમાં સીધી રીતે ઉપયોગી થઈ પડે એવું નાનું કામ કરવું એ ઘણું સારૂં છે. ઉપયોગી અને નિરૂપયોગી વાસ્તુઓનો વિવેક કરવો એટલુંજ નહિ, પણ વધારે ઉપયોગી અને ઓછી ઉપયોગી વસ્તુઓ પણ પારખવી જોઇએ. ગરીબોને ખવરાવવુ એ સારૂં, ઉમદા, અને ઉપયોગી કામ છે, પણ તેમના શરીરને ખોરાક આપવા કરતાં તેમના જીવાત્માને ખોરાક આપવો એ વધારે ઉમદા

અને વધારે ઉપયોગી છે. એના શરીરનું પોષણતો કોઇ પણ ધનવાન કરી શકે છે, પણ જીવાત્માનું પોષણતો માત્ર જ્ઞાનીથીજ થઇ શકે છે. જો તને જ્ઞાન મળ્યું હોય તો તારો ધર્મ છે કે બીજાઓને જ્ઞાન મેળવવામાં તારે મદદ કરવી.

તું ફાવે એટલો જ્ઞાની થયો હોય તો પણ આ માર્ગમાં તારે શીખવાનું ઘણુંએ રહે છે. એટલું બધું શીખવાનું છે કે અહિં પણ વિવેકની જરૂર છે. શીખવા જેવું શું છે તેનો તારે બરાબર વિચાર કરવો જોઇએ. સઘળું જ્ઞાન ઉપયોગી છે, અને એક દિવસે તને સઘળું જ્ઞાન મળશે, પણ જ્યાં થોડુંજ જ્ઞાન મળી શકતું હોય ત્યાં તે જ્ઞાન ઘણુંજ ઉપયોગી હોવું જોઇએ એ વાત ઉપર તારે ખાસ ધ્યાન આપવું. ઇશ્વર પ્રેમ અને જ્ઞાનની મૂર્તિ છે અને તેથી જેમ તારામાં જ્ઞાન વધારે આવશે તેમ તેમ તારામાં ઈશ્વર વધારે પ્રકટ થશે, માટે અભ્યાસ કર પણ

બીજાને મદદ કરવામાં તને સર્વથા વધારે મદદગાર થઈ પડે તેવી વાતનો અભ્યાસ પહેલો કર. તારા અભ્યાસમાં ધીરજથી મચ્યો રહે, પણ લોકો તને જ્ઞાની ગણે અથવા તો જ્ઞાની થવાનું સુખ તને મળે એ હેતુથી અભ્યાસ કરતો નહિ, પણ જ્ઞાની પુરૂષોજ ડહાપણભરી મદદ કરી શકે છે તેટલા માટે તારે જ્ઞાન મેળવવા અભ્યાસ કરવો. મદદ કરવાની તારી ગમે તેટલી મરજી હશે તથાપિ જો તારામાં જ્ઞાન નહિ હોય તો ભલું કરવાને બદલે તું વખતે વધારે ભુડું કરીશ.

તારે સાચ અને જૂઠનો વિવેક કરતાં શીખવું જોઇએ. વિચાર, વાણી અને કરણીમાં સંપૂર્ણ રીતે સાચા રહેવાનું તારે શીખવું જોઈએ.

પ્રથમ તો વિચારમાં; આ કાંઈ સહેલી વાત નથી; કારણ દુનીઆમાં ખોટા વિચારો ઘણા છે; મૂર્ખાઈ ભરેલા વહેમો પણ ઘણા છે; અને આવા

વિચાર અને વહેમનો જે ગુલામ બની રહ્યો હોય તેનાથી તો આગળ વધી શકાયજ નહિ. તેથી કરીને કોઇ વિચાર ઘણા માણસોમાં ચાલે છે અથવા તો સૈકાં થયાં તે વિચાર મનાતો આવે છે, અથવા તો માણસો જેને પવિત્ર ગણે છે તેવાં પુસ્તકોમાં તે લખેલો છે માટેજ તે વિચાર તારે સ્વીકારી લેવો એમ નથી; તારે જાતે તેના ઉપર વિચાર કરવો અને તે યોગ્ય છે કે નહિ તેનો તારી જાતે નિર્ણય કરવો. યાદ રાખ કે પોતાને જેનું જ્ઞાન ન હોય તેવી વાત ઉપર હજારો માણસો એકમત થાય તો પણ તેમના મતની કાંઇ કીમત ગણાય નહિ. જેને દીક્ષા માર્ગે જવાની ઇચ્છા હોય તેણે તો પોતે જાતેજ વિચાર કરતાં શીખવું જોઇએ, કારણકે વહેમ એ દુનીઆના ભારેનાં ભારે પાપમાંનું એક પાપ છે. એ એક એવું બંધન છે કે જેમાંથી તારે છુટા થવું જોઇએ.

બીજાઓના સંબંધના તારા વિચાર સત્ય હોવા જોઇએ. તેમના સંબંધમાં જે વાત સાચી છે એમ તારી ખાતરી ન હોય તેવી વાતનો વિચાર તેઓના વિષે તારે કદી કરવો નહિ. તેઓ તારાજ વિચાર કર્યાં કરે છે એમ ધારી બેસતો નહિ. તને એમ લાગે કે અમુક માણસના કોઇ કામથી તને નુકસાન થાય એમ છે અથવા તેના બોલ તને લાગુ પડે છે તો પણ ઉતાવળો થઇને એમ ધારી ના બેસતો કે તે માણસનો તને નુકસાન કરવાનો ઇરાદો છે. ઘણું ખરૂં તો તેને તારો વિચારજ નહિ આવ્યો હોય, કારણકે દરેક જણને પોત પોતાની મુસીબતો હોય છે અને તેથી તે ઘણું ખરૂં પોતાનાજ વિચારમાં ગરકાવ રહે છે. જો કોઈ પણ તારી સાથે ક્રોધ કરીને બોલે તો એમ ધારતો નહિ કે તે તને ધિક્કારે છે અથવા તેનો ઇરાદો તારૂં મન દુઃખવવાનો છે. બનવા જોગ છે કે કોઇ માણસે અથવા બીજી કોઇ

વસ્તુએ તેને ક્રોધ કરાવ્યો હોય, અને ભોગ જોગે તું તેને મળી ગયો તેથી તેણે તારા ઉપર ગુસ્સો કાઢયો. તેનું આ કામ મૂર્ખાઇ ભર્યું છે, કારણ ક્રોધ એ મૂર્ખાઇજ છે, પણ તેથી તારે તેના વિષે ખોટો વિચાર બાંધવો નહિ.

જ્યારે તું ગુરૂદેવનો શિષ્ય થાય ત્યારે તારા વિચાર ગુરૂદેવના વિચાર સાથે સરખાવજે અને પછી જોજે કે તારા વિચાર સાચા છે કે નહિ; કારણકે શિષ્ય અને ગુરૂ એ બે એકજ છે, અને પોતાના વિચાર ગુરૂદેવના વિચારને મળતા છે કે નહિ તે જોવા સારૂ ગુરૂદેવના વિચાર અમુક પ્રસંગે કેવા હોય તે જોઇ તેની સાથે સરખામણી કરી તે મળતા આવે છે કે નહિ તેટલુંજ માત્ર તને જોવાની જરૂર છે. જો તે મળતા ન આવે તો તે ખોટા છે અને તેથી શિષ્ય તેને તરતજ બદલી નાંખે છે, કારણ ગુરૂદેવ સર્વે જાણતા હોવાથી એમના વિચાર

માં ખામી હોતી નથી. પણ જેનો હજુ ગુરૂદેવે સ્વીકાર નથી કર્યો તેઓ સર્વાંશે આમ કરી શકે નહિ. તોપણ આ સંબંધમાં ગુરૂદેવ શું ધારે, આવા પ્રસંગોમાં ગુરૂદેવ શું કહે અથવા શું કરે એવો જો તેઓ વચમાં વચમાં થોભીને વારંવાર વિચાર કરે તો તેમને ઘણો ફાયદો થશે. કારણકે તને એમ લાગે કે ગુરૂદેવ આવું તો ન કહે, મ કરે અથવા ન ધારે તો તારે કદી તેવું કહેવું, કરવું અથવા ધારવું નહિ.

વાણીમાં પણ તારે સત્ય સાચવવું; મરીમસાલો ઉમેરવો નહિ. બરાબર જેવી વાત બની હોય તેવી કહેવી. કોઈ માણસનો કામ કરવામાં અમુક ઇરાદો છે એવું ધારી બેસતો નહિ. તેના વિચાર જાણનાર માત્ર તેના ગુરૂજ છે. કોઇક એવાં કારણોને લીધે તે કામ કરતો હોય કે જેનો વિચાર તને કદી આવ્યોજ ન હોય. જો તું કોઇના વિરૂદ્ધ કાંઇ વાત

સાંભળે તો તે વાત બીજાને કહીશ નહિ, તે વખતે ખરી ન પણ હોય, અને કદાપિ તે ખરી હોય તો પણ કંઇ ન કહેવું એ વધારે ભલું છે. બોલતાં કંઇ ભૂલ ન થઇ જાય માટે બોલતા પહેલાં પૂરતો વિચાર કરજે.

કામ કરવામાં પણ સત્ય જાળવજે. તું જેવો ન હોય તેવો હોવાનું ડોળ ઘાલીશ નહિ. સૂર્ય પ્રકાશ જેમ સ્વચ્છ કાચમાંથી પ્રકાશે છે તેમ સત્ય તારા-માંથી પ્રકાશવું જોઇએ. પણ એ શુદ્ધ પ્રકાશ પડવામાં દરેક જાતનું ડોળ આડ થઇ પડે છે.

સ્વાર્થી અને નિઃસ્વાર્થી વસ્તુઓનો પણ તારે વિવેક કરવો જોઇએ, કારણ સ્વાર્થ ઘણી જાતનો છે, અને એક જાતના સ્વાર્થને તું જીતી ગયો છે એવું તને લાગે કે તરતજ બીજા કોઈ સ્વરૂપે પહેલાંના જેટલાજ જોરથી તે ખડો થાય છે. પણ બીજાઓને મદદ કરવાના વિચાર ધીમે ધીમે તારામાં

એટલા બધા તો ઉભરાશે કે પછી તારી પોતાની જાત વિષે વિચાર કરવાની જગા કે વખત રહેશે નહિ.

હજુ એક બીજી રીતે વિવેક કરવાનો રહ્યો. કોઇ પણ મનુષ્યની કોઈ પણ ચીજ ફાવે એટલી દુષ્ટ ઉપર ઉપરથી દેખાતી હોય, તોપણ તેમાં રહેલા ઇશ્વરને ઓળખતાં શીખ. જે વસ્તુ તારામાં તેમજ તારા બંધુમાં એક સરખી રીતે રહેલી છે તે વડેજ તું તેને મદદ કરી શકીશ; અને તે વસ્તુ તે ઇશ્વિરી અંશ છે. તારા બંધુમાં રહેલા તે અંશને કેવી રીતે જગાડવો, અને તેને કેવી રીતે અસર કરવી તે શીખ, કારણકે તારા બંધુને આડે માર્ગે જતાં તું એ રીતે અટકાવી શકીશ.

ઘણા માણસોને વૈરાગ્યનો ગુણ મેળવવો ભારે પડે છે; તેઓને તો પોતે અને પોતાની ઇચ્છાઓ એકજ છે એમ લાગે છે; તેઓને લાગે છે કે જો

તેઓની ખાસ ઇચ્છાઓ એટલે તેમના રાગદ્વેષો જતા રહે તો પછી તેમનું પોતાપણુંજ રહે નહિ. પણ જેઓને ગુરૂદેવનાં દર્શન નથી થયાં તેઓજ આવું ધારે છે. ગુરૂદેવની પવિત્ર નજર આગળ એક સિવાય સઘળી ઇચ્છાઓ શમી જાય છે; અને એ એક ઇચ્છા તે માત્ર તેમના જેવા થવાની છે. તો પણ તેઓશ્રીને નજરે નજર જોવાનું સુખ તને મળે તે પહેલાં પણ તું ચાહેતો વૈરાગ્ય મેળવી શકે એમ છે. વિવેકે તને શીખવ્યું છે કે ધન અને સત્તા વગેરે મેળવવાની જે ઇચ્છાઓ ઘણા માણસો કરે છે તે મેળવવા જેવી હોતી નથી. આ વિચાર માત્ર કહેવામાંજ નહિ પણ મનમાં સચોટ પેસે તો સઘળી ઇચ્છાઓ શમી જાય છે.

આટલે સુધી તો બધું સહેલું છે; એમાં તો માત્ર તારે સમજવાની જરૂર છે; પણ કેટલાક માણસો તો સ્વર્ગ મેળવવાને સારૂજ અથવા જન્મમરણમાંથી

મુક્ત થવા સારૂજ દુનીઆદારીનાં કામ છોડી દે છે; આવી ભૂલ તારે કરવી નહિ. જો તું તારા પોતાના સંબંધી કદી વિચારજ નહિ કરતો હોય તો પછી તું પોતે કયારે મુક્ત થઇશ, અથવા કેવી જાતનું સ્વર્ગ મેળવીશ તેનો તને વિચારજ આવવાનો નથી. સઘળી સ્વાર્થી ઇચ્છાઓ બંધન કર્તા છે એ ભૂલી જતો નહિ; અને આ ઇચ્છાઓમાંથી તું જ્યાં સુધી છૂટો નહિ ત્યાં સુધી ગુરૂદેવના કાર્યમાં તારાથી પૂરે પૂરા મચી રહેવાવાનું નથી.

તારી સઘળી સ્વાર્થી ઇચ્છાઓ જતી રહે છે તો પણ તારા કામનું પરિણામ જોવાની ઇચ્છા રહી જાય છે. તું કોઇને મદદ કરે છે તો તને જોવાનું મન થાય છે કે મેં એને કેટલી મદદ કરી. આ મદદની તે કદર કરે અને તારો ઉપકાર માને એવું પણ મન વખતે તને થાય છે. પણ આએ વળી ઇચ્છાજ છે; અને અણવિશ્વાસ પણ છે. બીજાને

મદદ કરવામાં જો તું કશી ક્યારા નહિ રાખતો હોય તો તું જાણે અથવા ન જાણે તો પણ તેનું ફળતો થવાનુંજ; અને તું જો ઈશ્વરી નિયમ જાણતો હોઇશ તો આ પણ જાણવાનો કે એમ થયા વિના રહેજ નહિ. માટે બદલાની આશા રાખ્યા વિના યોગ્ય કામની ખાતરજ યોગ્ય કામ કરજે; કામની ખાતર કામ કરજે, નહિં કે તેનાં ફળ જોવાની આશામાં. તારે દુનીઆની સેવા કરવામાં તારૂં જીવન અર્પણ કરવું જોઇએ; કારણ માત્ર એટલુંજ કે તું દુનીઆને ચાહે છે અને તેની સેવામાં તારાથી તારી જાતને અર્પણ કર્યા વિના રહેવાય એમજ નથી.

સિદ્ધિ મેળવવાની કદી ઇચ્છા કરતો નહિ. તે મળવાને યોગ્ય વખત થયો છે એવું ગુરૂદેવને લાગશે ત્યારે તે તને મળશે; સિદ્ધિઓને ઘણી વહેલી મેળવવા જતાં પરિણામે ઘણું નુકસાન થાય છે; ઘણી વખતતો સિદ્ધિ મેળવનારને છેતરવામાં આનં-

ઇ માનનાર ક્ષુદ્ર દેવો તેને આડે માર્ગે લઈ જાય છે અથવા તો સિદ્ધિ મેળવનાર પોતે અભિમાની થઇ જાય છે, અને મનમાં ધારે છે કે હું તો ભૂલ કરૂંજ નહિ. ફાવે તેમ હો; પણ સિદ્ધિઓ મેળવવામાં જે વખત અને બળ જાય છે, તેનો બીજાઓને માટે કામ કરવામાં ઉપયોગ થઇ શકત. જેમ. જેમ આગળ વધતાં જવાશે તેમ " તેમ સિદ્ધિઓ મળશેજ, મળ્યા વિના રહેશેજ નહિ; અને જો ગુરૂદેવોને લાગશે કે, તને સિદ્ધિઓ વહેલી મળે તો ઠીક તો હાનિ થયા વિના તે કેમ મેળવવી તે તેઓશ્રી પોતે શીખવશે; ત્યાં સુધી તને સિદ્ધિઓ નજ મળે તે તારા લાભની વાત છે.

આપણા દરરોજના વ્યવહારમાં કેટલીક નાની નાની ઇચ્છાઓ સાધરણ રીતે થાય છે તેનાથી તારે ચેતતા રહેવું. ઝળકવા અથવા હોંશીઆર ગણાવા કદી ઇચ્છા કરીશ નહિ. બોલવાની પણ

ઇચ્છા કરીશ નહિ. બોલવાની પણ ઇચ્છા રાખતો નહિ. થોડું બોલવું એ સારૂં છે; તું જે કહેવા માગતો હોય તે સાચું ભલું અને ઉપયોગી છે એમ તારી પાકી ખાતરી ન હોય તો બીલકુલજ ન ન બોલવું એ વધારે સારૂં છે. તું જે કહેવા ઇચ્છે છે તેમાં ઉપલા ત્રણ ગુણો છે કે નહિ તેનો બોલતાં પહેલાં બરોબર વિચાર કરજે; અને તેમાં જો આ ત્રણ ગુણો ન હોય તો તે બોલતોજ નહિ.

બોલતાં પહેલાં બરોબર વિચાર કરવાની ટેવ અત્યારથીજ પાડવી એ સારૂં છે; કારણ કે જ્યારે તને દીક્ષા મળશે ત્યારે તારે તારા શબ્દે શબ્દ ઉપર કાળજી રાખવી પડશે કે રખેને ન કહેવાનું તારાથી કહી બેસાય. ઘણી સાધારણ વાતો તો વગર ઉપયોગી અને મૂર્ખાઈની ભરેલી છે; અને જ્યારે વાતમાં ગપ્પાંજ હોય ત્યારે તો તે દુષ્ટજ કહેવાય. માટે વાત કરવા કરતાં સાંભળવાની ટેવ રાખજે. તારો ખાસ મત પૂછવામાં ન આવે તો તારી મેળે તારો

મત આપીશ નહિ. આ ગુણોના સંબંધમાં એક લખાણ નીચે પ્રમાણે છેઃ—જાણવું, હીંમત રાખવી, નિશ્ચય કરવો, અને ચૂપ રહેવું. આ ચારેમાંનો છેલ્લો ગુણ મેળવવાનું કામ સૌથી વધારે અઘરૂં છે.

બીજી એક સાધરણ ઇચ્છા તારે મજબુત હાથે ડાબી દેવાની છે; આ ઇચ્છા તે બીજાઓનાં કામમાં માથું મારવાની છે. બીજો કોઇ શું કહે છે, શું કરે છે અથવા શું માને છે તેની પરવા તમારે રાખવાની જરૂર નથી; તમારે તેની કશી પરવાજ કરવી નહિ. બીજા કોઇની વચમાં તે આડે ન આવે ત્યાં સુધી તેને પોતાને ગમતું બોલવાનો, વિચારવાનો, અને કરવાનો પૂરતો હક છે. તને યોગ્ય લાગે તે કરવાની છુટ ભોગવવાનો તું પોતે દાવો કરે છે તો તેવી છૂટ તારે તેને આપવી; આવી છૂટનો ઉપયોગ તે કરે તે વખતે તેના વિષે ચર્ચા કરવાનો તને બીલકુલ હક નથી.

તને લાગે કે તે ખોટું કરે છે, તો તે શા માટે ખોટું છે તે એને ખાનગીમાં ઘણી સભ્યતાથી કહેવાની જો તું તક લેઇશ તો બનવા સંભવ છે કે તું એની ખાતરી કરી શકીશ. પણ ઘણા પ્રસંગોમાં તો આવું કરવું તે પણ ખોટું માથું મારવું ગણાય. આ વાત વિષે તારે કદી કોઇ ત્રીજા માણસની પાસે ગપ્પાં મારવાં નહિ; કારણ કે એતો અતિ દુષ્ટ કર્મ છે.

કોઇ પશુ કે બાળક ઉપર ઘાતકીપણું ગુજરતું હોય તો તારે વચમાં પડવું. દેશનો કાયદો કોઇ ભગ કરતું હોય તો અધિકારીઓને ખબર આપવી; બીજા કોઇને શીખવવાનું તને સોંપવામાં આવ્યું હોય તો તેની ખામીઓ ધીમે રહીને તારે કહેવી એ તારો ધર્મ ગણાય. આવી બાબતો સિવાય તારા પોતાના કામમાં ચિત્ત રાખ અને છાના બેસી રહેવાનો ગુણ શીખ.

સદાચારના ૭ ગુણ જે ખાસ જરૂરના છે તે ગુરૂદેવે નીચે પ્રમાણે ગણાવ્યા છે.

મનને નિયમમાં રાખવું.	(શમ.)*
કૃત્યને નિયમમાં રાખવાં.	(દમ.)
સમભાવ.	(ઉપરતિ.)
આનંદી સ્વભાવ.	(તિતિક્ષા.)
એકાગ્રતા.	(સમાધાન.)
શ્રદ્ધા.	(શ્રદ્ધા.)

(સાધનોના નામનો તેમજ આ ૭ ગુણોમાંના કેટલાકનો જુદી રીતે તરજુમો કરેલો છે તે હું જાણુંછું, પણ મારા ગુરૂદેવે મને સમજાવતી વખતે જે નામનો ઉપયોગ કર્યો છે તેજ નામે બધે ઠેકાણે મેં આપેલાં છે.)

૧ મનને નિયમમાં રાખવા વિષે:–વિવેકથી તે જાણ્યું છે કે તારે સૂક્ષ્મ શરીરને વશ રાખવું

---

* સામાન્યરીતે આ નામો વપરાય છે. (ભા. ક.)

જોઇએ તેજ પ્રમાણે માનસિક દેહને પણ વશ રાખવો એ આ ગુણનો હેતુ છે. તારો મીજાજ તારે વશ રાખવો જેથી તને ક્રોધ કે અધીરાઈ થાય નહિ, મનને પોતાને પણ વશ રાખવું કે જેથી તારો વિચાર હમેશાં શાંત અને સ્થિર રહે. તારા મનની મારફત તારા જ્ઞાન તંતુઓને પણ નિયમમાં રાખવા કે જેમ બને તેમ તે ઓછા ઉશ્કેરાય આ છેલ્લું કામ અઘરું છે, કારણકે દીક્ષામાર્ગ ઉપર જવાને તૈયારી કરતાં તારૂ શરીર વધારે લાગણી વાળું થવાનુંજ, અને તેથી જ્ઞાન તંતુઓને અવાજની કે ધાશકાની જોત જોતામાં અસર થાય છે અને સહજ દબાણ પણ ઘણું લાગે છે, તથાપિ તારાથી બને તેટલું તારે કરવું.

શાંત મનમાં હીંમતનો સમાવેશ પણ થાય છે. એથી વિના ધાસ્તીએ દીક્ષામાર્ગ ઉપરની કસોટીઓ અને મુશીબતો તું સહન કરી શકીશ. શાંત

મનમાં સ્થિરતા પણ આવીજાય છે કે જેને લીધે દરેક મનુષ્યના જીવનમાં જે દુઃખો આવી પડે છે તે તારી કશી પણ વિસાતમાં રહેશે નહિ, અને જે નજીવી વાતોમાં ઘણા લોકો પોતાનો ઘણો ખરો વખત ગુમાવી દે છે તેથી તને હમેશાં મુજવણી થતી અટકશે. ગુરૂદેવ બોધ કરે છે કે માણસને બહારથી જેજે થાય તે કાંઇ મોટી વાત નથી. શોક દુઃખ, માંદગી, નુકસાન આ સઘળાં તેણે કશી વિસાતમાં ન ગણવાં. આથી મનની શાંતિનો ભંગ થવા ન દેવો. એતો પૂર્વ કર્મનું પરીણામ છે, અને એ આવેતો આનંદથી તેમને સહન કરવાં અને યાદ રાખવું કે સઘળું દુઃખ ક્ષણિક છે અને તારો ધર્મતો હમેશાં આનંદી અને ગંભીર રહેવાનો છે. આ પરિણામ તારા પૂર્વ જન્મનાં છે, આ જન્મનાં નથી, તું તે બદલી શકનાર નથી, માટે તેને વિષે મુંઝામણ કરવી નકામી છે. તું હાલ જે કરતો હોય

તેનો વિચાર કરવો તે વધારે સારૂં છે કારણ કે હાલનાં કર્મથી હવે પછીની જીંદગાનીનું ભવિષ્ય બોધાય છે અને તે તું બદલી શકે એમ છે.

કદી પણ દિલગીર કે નિરાશ થઇશ નહિ. નિરાશ થવું એ ખોટું છે કારણકે તે બીજાઓને અસર કરે છે અને તેમની જીંદગાની વધારે દુઃખી બતાવે છે; આમ કરવાનો તને હક નથી; માટે કદી પણ નિરાશ થવાનો વખત આવેતો તરતજ નિરાશાનો ત્યાગ કરજે.

હજુ એક બીજી રીત તારે તારા વિચાર વશ રાખવા જોઇએ; તારે તેને ભટકવા દેવા નહિ. તું જે કાંઇ કરતો હોય તેના ઉપરજ તારા વિચારને સ્થિર કર કે જેથી તે કામ બરોબર થાય; તારા મનને આળસુ પડી રહેવા દેઇશ નહિ; પણ હમેશાં સારા વિચારોના સમૂહનો મનમાં સંગ્રહ કરી રાખજે કે મન જ્યાં નવરૂં પડે કે તે વિચારો આગળ આવે.

તારી વિચાર શક્તિનો દરરોજ સારા કામમાં ઉપયોગ કરજે; દુનીઆના વિકાસક્રમમાં તું એક શક્તિરૂપ થજે. કોઇ માણસ દુઃખી કે દિલગીર હોય અથવાતો તેને મદદની જરૂર હોય એમ તું જાણતો હોય તો તેનો દરરોજ વિચાર કરજે અને તેના તરફ પ્રેમી વિચારો વરસાવજે.

અભિમાનથી તારા મનને દૂર રાખજે, કારણ કે, અભિમાન અજ્ઞાનમાંથીજ જન્મ પામે છે. અજ્ઞાની માણસ એમ ધારે છે કે હું મોટો છું, મેં ફલાણાં ફલાણાં મોટા કામો કર્યાં છે. જ્ઞાની માણસતો જાણે છે કે એકલો ઇશ્વરજ મોટો છે. અને સઘળું સારૂં કામ કરનાર ઈશ્વર એકલોજ છે.

કૃત્યને નિયમમાં રાખવા વિષેઃ—જો તારા વિચાર જેવા જોઇએ તેવા હોય તો તારા કૃત્યમાં તને કાંઈ વાંધો પડનાર નથી, પણ આટલું યાદ રાખજે કે માણસ જાતને ઉપયોગી થવા સારૂ તારા વિચાર

ને વિચારજ ન રાખતાં તે પ્રમાણે કામ કરજે. તારે કાંઇ પણ આળસ રાખવું જોઇએ નહિ, પણ સારાં કામમાં સદાએ તમર રહેવું જોઇએ. પણ તું જે કરે તે તારી પોતાની ફરજ હોવી જોઇએ, બીજા કોઇની નહિ. જો બીજાની પરવાનગી મેળવી હોય અને તેને મદદ કરી શકાય એમ હોય તોજ તેનું કામ તારે ઉપાડી લેવું. દરેક માણસને તેને ગમે તે રીતે તેનું પોતાનું કામ કરવા દેજે. જ્યાં મદદની જરૂર હોય ત્યાં મદદ કરવા હમેશાં તૈયાર રહેજે પણ કદી વચમાં માથું મારીશ નહિ. ઘણા માણસોને તો પોતાનાજ કામમાં ચિત્ત રાખવું એ વાત દુનીઆમાં જે જે વસ્તુઓ શીખવાની છે તે બધામાં સર્વથી અઘરામાં અઘરી લાગે છે. પણ તારે તો આ પ્રમાણે કર્યા વિના ચાલે એમજ નથી.

તું મોટું કામ કરવા તૈયાર થયો છું તેટલા માટે તારી સાધારણ ફરજોને વિસારી મૂકીશ નહિ.

કારણકે તે ફરજો અદા કરતાં સુધી બીજી સેવા કરવાની તને છૂટ નથી. બીજી કોઇ નવી સંસારી ફરજો તારે માથે લેવી નહિ, પણ જે ફરજો માથે ઉઠાવીજ હોય તેતો પૂરેપૂરી બજાવવી. આ ફરજો બીજા તારે માથે ઓરાઢવા ફરતા હોય તેવી સમજવી નહિ, પણ તેં પોતે જેને સ્પષ્ટ રીતે વ્યાજબી ગણી લીધી હોય તેવી ફરજો જાણવી. તું જો ગુરૂ દેવનો થવા ઇચ્છતો હોઉ તો સાધારણ કામ બીજાઓના કરતાં તારે વધારે સારી રીતે કરવાં જોઇએ નહિ કે વધારે ખરાબ રીતે, કારણકે આ કામ પણ તારે ગુરૂદેવની ખાતર કરવાં જોઇએ.

સમભાવ—સર્વના તરફ તારે એક સરખી નજરે જોવું અને પરધર્મી માણસની ધર્મભાવનાનો તારી પોતાની ધર્મભાવનાના જેટલોજ અંતઃકરણથી આદર કરવો, કારણકે જેમ તારો ધર્મ ઉંચામાં ઉંચે સ્થાને લેઇ જવાનો માર્ગ છેતો તેનો ધર્મ પણ તેવો માર્ગ

છે; અને બધાંને મદદ કરવા સારૂં બધુંજ સમજવાની જરૂર છે.

પણ આ સંપૂર્ણું સમભાવ મેળવવાને સારૂ પહેલાં તો તારે પોતે વહેમ અને ધર્માંધપણાથી મુક્ત રહેવું જોઇએ. તારે જાણવું જોઇએ. કે કોઈ પણ ધર્મક્રિયા ખાસ જરૂરની નથી, નહિ તો જેઓ આ ધર્મ ક્રિયા કરતા નથી તેના કરતાં નથી તેનાં કરતાં તું કાંઇક ચઢીઆતો છે એવો તારા મનમાં ફાંકો ભરાશે. તથાપિ જેઓ હજુ ધર્મ ક્રિયાને વળગી રહે છે તેનો તારે દોષ કાઢવો નહિ. તેમને ગમે તે તેમને કરવા દેજે. માત્ર એટલુંજ કે તું સત્ય જાણે છે તેથી તારી વચમાં તેમને આવવાનો હક નથી. જેની તારે હવે જરૂર રહી નથી તે ફરીથી તારી પાસે એજ એજ કરાવવાનો તેમને હક નથી. દરેક વાતમાં છૂટ મુકજે, દરેકની સાથે માયાળુ થજે.

હવે તારી આંખ ઉઘડી છે તેથી તારી કેટલીક ધર્મ ભાવનાઓ, તારી પુરાણી ધર્મક્રિયાઓ તને અર્થ વગરની લાગશે, વખતે ખરેખર તેઓ એવીજ હોય છે. તથાપિ તું તેમાં વધુ વખત ભાગ ન લેઇ શકે તો પણ જે ભલા જીવોને માટે એ હજુ ઉપયોગી છે તેની ખાતર તેને માન આપજે. તેઓની જગા છે; તેઓનો ઉપયોગ છે. નાના બાળકને સીધું અને એક સરખું લખવાને સારૂ બેવડી લીંટીઓની જરૂર પડે છે; આ લીંટીઓ વિના વધારે સારૂં અને વધારે છૂટથી તે લખી શકે છે ત્યારે તેને આ લીંટીઓની જરૂર રહેતી નથી. આપણી કેટલીક ધર્મભાવનાઓ અને ક્રિયાઓ આ બેવડી લીંટીઓના જેવી છે. એક વખત એવો હતો કે તારે તેની જરૂર હતી; પણ હવે તે વખત વહી ગયો છે.

એક મહાન ગુરૂએ એક વખત લખ્યું હતું કે "જ્યારે હું છોકરો હતો ત્યારે છોકરાની પેઠે બોલતો; છોકરાના જેવું સમજતો; છોકરાના જેવો વિચાર કરતો; પણ જ્યારે હું મોટો થયો ત્યારે મેં મારૂં બાલકપણું છોડી દીધું." તથાપિ જે પોતાની બાલક અવસ્થા ભુલી ગયો હોય અને જેને બાલકોને માટે દિલસોજી ન હોય તે તો બાળકોને શીખવી કે મદદ કરી શકેજ નહિ. તેથી દયાથી, નમ્રતાથી, અને સમભાવથી સર્વના તરફ જો જે. બૌદ્ધ હોય હિંદુ હોય, જૈન હોય કે જયુ હોય, ક્રિશ્ચીયન હોય કે મુસલમાન હોય પણ સર્વના તરફ એકજ નજરથી જોજે.

આનંદી સ્વભાવ:—તારા નશીબમાં જે હોય તે થાય તેને તારે આનંદથી સહન કરવું. તને દુઃખ થાય તો એ તારૂં ભાગ્ય સમજવું કારણકે એ બતાવે છે કે કર્મદેવતાઓ એમ માને છે કે તને મદદ કરવી એ યોગ્ય છે. તે દુઃખ ફાવે એટલું

ભારે હોય તો પણ ઇશ્વરનો આભાર માન કે તે છે તે કરતાં વધારે ભારે નથી. યાદ રાખજે કે જ્યાં સુધી તારાં ખોટાં કર્મો ભોગવાઇ ચૂક્યાં નથી અને તું તેથી મુક્ત થયો નથી ત્યાં સુધી ગુરૂદેવના કામમાં તું ભાગ્યેજ ઉપયોગમાં આવી શકીશ. ગુરૂદેવને તેં તારી જાતને અર્પણ કરી ત્યારથીજ તેં માગી લીધું છે કે તારાં કર્મનો ભોગ તને ઉતાવળે મળે અને તેથી જે ભોગવવાને બીજા 'સંજોગોમાં સો એક જીંદગાનીની જરૂર પડે તે એક કે બે જીંદગાનીમાં ભોગવી લે છે. પણ તેમાં સર્વથી સારો લાભ મળી શકે તેટલા માટે તારાં કર્મને તારે બબડ્યા વગર અને ખુશીથી સહન કરવાં જોઇએ.

હજુ એક વાત રહી:— માલકીપણાના સઘળા વિચાર તારે છોડી દેવા. જે વસ્તુઓને તું અત્યંત ચાહાતો હોય, અને જે માણસો ઉપર તારો અત્યંત પ્રેમ હોય તે વસ્તુઓને અને તે માણસોને પણ

વખતે તારાં કર્મને લીધે તું ખોઈ બેસે; આવી વખતે પણ તારે આનંદી રહેવું; ભલે જે જવાનું હોય તે જાય. ગુરૂદેવને ઘણી વખતે પોતાના સેવક મારફતે બીજાઓને મદદ કરવાની જરૂર હોય છે પણ જો સેવક નિરાશ થઇ જાય તો તેઓશ્રી તેમ કરી શકે નહિ; માટે આનંદી રહેવાનો નિયમ રાખવો જોઇએ.

એકાગ્રતાઃ—એકવાત તારે હમેશાં તારી નજર આગળ રાખવાની છે અને તે વાત તે ગુરૂદેવનું કાર્ય કરવું તે છે. ફાવે તે બીજું કામ તારે કરવાનું નીકળી આવે તો પણ આતો તારે કદી ભૂલી જવું નહિ; પણ બીજું કશું કરવાનું નીકળી આવનારજ થશે; કારણ કે સઘળું ઉપયોગી અને નિઃસ્વાર્થી કામ ગુરૂદેવનુંજ કામ છે; અને મારે તે તેઓશ્રીની ખાતર કરવું જોઇએ. તું જે વખતે જે કામ કરતો હોય તે દરેકમાં પૂરતી કાળજી રાખજે કે જેથી

તારાથી થાય એટલું સારૂં તું તે કામ કરી શકે. તેજ ગુરૂએ વળી લખ્યું છે કે;- "તું કરતો હોય તે માણસને માટે કરૂં છું એમ નહિ પણ ઇશ્વરને માટેજ; એવું જાણીને તે ખરા મનથી કરજે " ગુરૂ દેવ હમણાં તારૂં કામ જોવા આવનાર છે એમ તું જાણતો હોય તો કેવું કામ કરે તેનો વિચાર કર; તે પ્રમાણે તારે તારાં સઘળાં કામ કરવાં જોઇએ. એ વાક્યનો શો અર્થ છે તે જેઓ બહુ જ્ઞાની હશે તે બરાબર સમજશે. એના જેવુંજ પણ એથી વધારે પુરાણું એક વાક્ય છે કે:- "તારા હાથમાં ગમે તે કામ કરવાનું આવે તે તારૂં સર્વ બળ વાપરીને કરજે."

જે દીક્ષામાર્ગમાં તેં પ્રવેશ કર્યો છે તે માર્ગથી એક ક્ષણ ભરપણ તું કશાથી ચળી શકે એમ ન રહેતો. તે સ્થિતિ પણ એકાગ્રતાજ છે. કોઇ લાલચને લીધે, અથવા કોઇ સંસારી મજાને લીધે, અથવા

તો દુનીઆના કોઈ પ્રેમને લીધે પણ તું આ માર્ગ ઉપરથી દૂર ખસે એવું બનવું જોઇએ નહિં. કારણ કે તારે જાતે માર્ગ સાથે એક થઈ જવું જોઇએ; એવી તને ટેવજ પડવી જોઇએ કે એ માર્ગનો વિચાર કર્યા વિના સ્વાભાવિક રીતેજ તું તેજ માર્ગે જાય અને તેથી ચળી શકે નહિ. તેં (જીવાત્માએ) આ નિર્ણય કરેલો છે; અને તે તોડવો તે તારા પોતાનાથી દૂર નાસવા જેવું છે.

શ્રદ્ધાઃ–તારા ગુરૂદેવમાં તારે શ્રદ્ધા રાખવી; તારી પોતાની ઉપર વિશ્વાસ રાખવો. તેં ગુરૂદેવનાં દર્શન કર્યાં હશે તો તો જન્મો જન્મ તું એઓશ્રીમાં સંપૂર્ણ વિશ્વાસ રાખીશ; અને જો દર્શન ન થયાં હોય તો પણ તેઓશ્રીને સમજવા તારે પ્રયત્ન કરવો જોઇએ અને એમનામાં વિશ્વાસ રાખવો જોઇએ; કારણ કે જો તેમ ન થાય તો તેઓશ્રી પણ તને મદદ કરી શકનાર નથી. સંપૂર્ણ વિશ્વાસ ન હોય

તો પ્રેમ અને શક્તિનો ઝરો વધ્યાં કરી શકેજ નહિં.

તારે તારા પોતાનામાં વિશ્વાસ રાખવો જોઇએ. શું તું એમ કહે છે કે તું તને પોતાને બહુજ સારી રીતે ઓળખે છે? જો તને એમ લાગતું હોય તો તો તેં તને પોતાને ઓળખ્યોજ નથી. તું માત્ર બહારનાં પોચાં છાલાંને જાણે છે જે છાલાં ઘણીએ વખત કાદવમાં લપટાએલાં છે. પણ તું, જીવાત્મા, તો ઇશ્વર રૂપી અગ્નિનો એક અંશ છે; અને સર્વ શક્તિ માન ઇશ્વર તારામાં છે અને તેથીજ કાંઇપણ એવું નથી કે જે તું ચાહે તો ન કરી શકે. તું તારી જાતને કહે કેઃ– માણસે જે કરેલું છે તે માણસ કરી શકે છે. હું માણસ છું, તથાપિ માણસમાં રહેલો ઇશ્વર પણ છું. હું આ કામ કરી શકીશજ." કારણ કે જો આ માર્ગે તારી જવાની ઇચ્છા હોય તો તારી ઇચ્છા શક્તિ બરોબર પાણી પાએલા પોલાદ જેવી થવી જોઇએ.

સઘળા ગુણોમાં પ્રેમ સર્વથી ઉપયોગી ગુણ છે. કારણ કે એ ગુણ જો કોઇ માણસનામાં જોઇએ તેટલો બળવાન હોય છે તો તેનામાં બાકીના બધા ગુણો આવ્યા વિના રહેતા નથી; જે ગુણો આ ગુણના વિના અધુરાજ ગણાય. જન્મ મરણના ફેરા માથી છૂટવાની અને ઈશ્વરની સાથે એક થઈ જવાની તીવ્ર ઇચ્છા એવો આ ગુણનો અર્થ ઘણી વખતે કરવામાં આવે છે; પણ એવો અર્થ કરવો એ સ્વાર્થી અને અધુરો લાગે છે. એનો અર્થ ઇચ્છાના કરતાં નિશ્ચય કે દૃઢ આગ્રહ થાય છે. તારા રૂએ રૂઆમાં આ નિશ્ચય વ્યાપી રહે અને બીજી કોઈ લાગણીને માટે તલપૂર પણ જગ્ગા ન રહે તોજ તેનું ફલ આવે. ખરેખર પ્રેમનો અર્થ ઇશ્વરની સાથે એક થઈ જવું એવો થાય છે. તથાપિ તે એક થઇ જવાનો હેતુ દુઃખ અને કંટાળાથી તમે છૂટો એવો નથી, પણ ઈશ્વર ઉપર તમારા ગાઢ

પ્રેમને લીધે તેની માફક તેની સાથે રહી કામ કરે એવો છે. ઇશ્વર પ્રેમસ્વરૂપ છે તેથી તેની સાથે એક થઇ જવાની જો તારી ઇચ્છા હોય તો તારે પણ પૂરેપૂરા નિઃસ્વાર્થી અને પ્રેમી બનવું જોઇએ.

દરરોજ આપણા જીવનમાં આ બે રીતે ઉતારવાનું છે. એક તો કોઇ પણ પ્રાણીને તારાથી ઇજા ન થઇ જાય તે માટે સંભાળ રાખવી. અને બીજું મદદ કરવાની તકની હમેશાં રાહ જોવી.

પહેલું ઇજા કરવી નહિઃ—ગપ્પાં, નિર્દયતા અને વહેમ આ ત્રણ પાપો દુનીઆમાં બીજાં બધાં પાપો કરતાં વધારે નુકસાન કરે છે; કારણ કે આ પાપો પ્રેમનાં વિરોધી છે. જે માણસને પોતાનું હૃદય ઇશ્વરના પ્રેમથીજ ભરેલું રાખવું હોય તેણે તો આ ત્રણ પાપોથી હમેશાં ચેતતા રહેવું.

ગપ્પાંથી શું થાય છે તે જુઓ. ભૂંડાં વિચારથી એની શરૂઆત થાય છે અને તે જાતેજ એક

જાતનો અપરાધ છે. કારણ કે દરેક મનુષ્યમાં અને દરેક ચીજમાં ઉજળી બાજુ રહેલી છે. તેમજ દરેક મનુષ્યમાં અને દરેક ચીજમાં કાળી બાજુ રહેલી છે. આ બેમાંથી જેને આપણે દઢ કરવી હોય તેનો વિચાર કરવાથી તેમ કરી શકીએ છીએ. અને આ પ્રમાણે આપણે દુનીઆને આગળ વધવામાં મદદ કે હરકત કરી શકીએ છીએ; આપણે ઇશ્વરની ઇચ્છા પ્રમાણે ચાલી શકીએ છીએ અથવા તેના સામા થઇ શકીએ છીએ. જો તું બીજાની કાળી બાજુ વિચાર કર્યાં કરીશ તો તું એકજ વખતે ત્રણ પાપો કરીશ.

(૧) સારા વિચારને બદલે ખરાબ વિચારોને તારી આસ પાસ ફેલાવે છે અને તેથી તું દુની-આના દુઃખમાં ઉમેરો કરેછે.

(૨) તું ધારે છે તેવી કાળી બાજુ બીજાનામાં હોય તો પણ, તું તેને પોષણ કરી મજબુત બનાવે

છે; અને તેથી તારા તે બંધુને સારા બનાવવાને સાટે તું તેને વધારે ખરાબ બનાવે છે. પણ ઘણું ખરૂં તો એ કાળી બાજુ એનામાં હોતી નથી; તમે માત્ર તે ધારી લીધેલી હોય છે. અને પછી તમારા બુરા વિચારો તમારા બંધુને પાપ કરવા લલચાવે છે. કારણકે જોતે હજુ પૂરેપૂરો આગળ વધેલો ન હોયતો પછી તું તેને વિષે જેવા વિચાર કરીશ તેવો તેને બનાવી શકીશ.

(૩) સારા વિચારને બદલે ખોટા વિચાર તું તારા મનમાં ભરે છે અને તેથી તું તારા પોતાના આગળ વધવામાં આડથાય છે, અને જેઓ તારૂં ખરૂં સ્વરૂપ સમજી શકે એમ છે તેની નજરેતો તું સુદર અને પ્રેમ ઉપજાવે એવી મૂર્તિ થવાને બદલે કદરૂપી અને દુ:ખ ઉપજાવનારી મૂર્તિ જણાય છે.

ગપ્પીદાસ પોતાને અને જેનાં સંબંધમાં એ ગપ્પામારે છે તેનેજ માત્ર નુકશાન કરીને અટકતો નથી, પણ બીજાઓને પોતાના અપરાધમાં ભાગીદાર બનાવવા તે પોતાનું બનતું કરે છે; પોતાની બુરી વાત ઘણીજ આતુરતાથી તે બીજાને કરે છે, એવી આશામાં કે તે એની વાત માનશે; અને પછી તેઓ બીચારા ગરીબ માણસ ઉપર તેમના બુરા વિચાર વરસાવવામાં ગપ્પીદાસ સાથે સામેલ થાય છે. દર-રોજ આમ બન્યા કરે છે; અને એક માણસ આવું કરતો નથી પણ હજારો આમ કરે છે. આ કેવું ભયંકર અને અધમ પાપ છે તેની હવે તને કાંઇ સમજણ પડે છે? આ વાત તારે તદનજ છોડી દેવી. કદી પણ કોઇનું ભૂંડું બોલતો નહિં. જ્યારે બીજો કોઈ કોઈનું ભૂંડું બોલતો હોય તો તેને સાંભળતો નહિ; પણ તેને ધીમે રહીને કહેવું કે, “ વખતે તમારૂં કહેવું ખરૂં નહિ હોય;

અને કદાપિ ખરૂં હશે તો પણ તે વિષે ન બોલવું એ વધારે ભલું છે."

હવે નિર્દયતા સંબંધેઃ—આ બે રીતે કરાય છે. જાણી બુજીને અને વગર જાણે બીજા જીવતા પ્રાણીને ઈરાદા પૂર્વક દુઃખ દેવું એ જાણી બુજીને કરેલી નિર્દયતા છે. અને એ મોટામાં મોટું પાપ છે. એ માણસનું કામ નથી પણ પિશાચનું છે. તું કહીશ કે કોઈ પણ માણસ આવુ કામ કરે નહિ, તથાપિ ઘણીવાર માણસોએ તેવું કરેલું છે અને હજુ કર્યાં જાય છે. મતાંધ લોકોએ આમ કર્યું છે, ઘણા ધર્મચુસ્ત માણસોએ ધર્મને નામે આવું કર્યું છે, વિદ્યાનો વધારો કરવાને સારૂ જીવતા પ્રાણીઓ ઉપર ઘાતકી પ્રયોગો કરનાર હાલ તે કરે છે, નિશાળના ઘણા મહેતાજીઓને પણ આવું કરવાની ટેવ પડેલી હોય છે. એ તો રીવાજ પડી ગયો છે એમ કહી તેઓ પોતાના ઘાતકીપણાનો બચાવ

કરવા બેસે છે, પણ કોઈ અપરાધ ઘણા માણસો કરતા હોય તેથી તે અપરાધ નથી એમ ગણાય નહિ. કર્મ રીવાજ બીવાજ ને ગણતું નથી. સઘળાં કર્મબંધનોમાં જે ઘાતકીપણાથી કર્મબંધન થાય છે તે સૌથી ભયંકર છે. આવા રીવાજોનો હિંદુસ્તાનમાં તો કોઇ પણ પ્રકારે બચાવ થઈ શકે તેમ નથી, કારણકે અહિંસા ધર્મ અહિ સર્વને બરોબર જાણીતો છે. શિકાર કરવાને બ્હાને જેઓ ઇશ્વરનાં પ્રાણી-ઓનો જાણી બુજીને વધ કરે છે તેઓનું ભવિષ્ય પણ ઘાતકી માણસોના જેવુંજ થવાનું.

હું જાણું છું કે આવાં કામ તો તું કરે એવો નથી, અને તને પ્રસંગ મળશે તો તું ઇશ્વરના પ્રે-મની ખાતર તેઓની વિરૂદ્ધ તારો મત ચોખ્ખે ચોખ્ખો જણાવીશજ. પણ જેમ વાણીમાં ઘાતકી પણું છે તેવું કરણીમાં પણ છે. બીજાનું મન દુઃખવવાના ઇરાદાથી કાંઈ પણ બોલનાર આ અપ-

રાધ કરે છે. એવું પણ તું કરે એવો નથી. પણ કોઇ કોઇ વખતે વગર વિચારે બોલેલા બોલ ઇરાદા પૂર્વક કહેલાં ખારીલાં વચન જેટલુંજ નુકસાન કરે કરે છે. માટે વગર વિચારે ઘાતકી પણું કરાઇ ન જાય તે માટે તારે હમેશાં ચેતતા રહેવું જોઇએ.

ઘણું ખરૂં અવિચારી પણાથી આવું બને છે. કોઈ માણસ એટલો બધો લોભી અને ધનને માટે વલખાં મારનાર હોય છે કે તે બીજાઓને આપવું જોઇએ તેના કરતાં ઘણુંજ ઓછું આપે છે; અથવા પોતાનાં બૈરી છોકરાંને અડધાં ભૂખે મારે છે, અને આથી તેમને શું નુકસાન થાય છે તેનો એ વિચાર સરખો પણ કરતો નથી. બીજો પોતાનાજ કુછંદમાં મચ્યો રહે છે; પણ તેમ કરતાં કેટલાં બધાં શરીરો અને જીવોને નુકસાન થાય છે તેની એને દરકાર હોતી નથી. કોઇ તો પોતાની

માત્ર થોડી પળની મહેનત બચવાના સારૂ, પોતાના મજુરોને નીમેલે દિવસે પગાર આપતો નથી, અને પોતાના એ કામથી તેઓના ઉપર કેટલી મુશીબત ગુજરે છે તેનો એને વિચાર આવતોજ નથી. પોતાના કોઇ કામથી બીજાના ઉપર શું અસર થશે તેનો વિચાર કરવાનું ભૂલીજવા રૂપી બે દરકારી થીજ માત્ર આટલું બધું દુઃખ બીજાને પડે છે. પણ કર્મ કદી કાંઇ ભૂલી જતું નથી; અને માણસો ભૂલી જાય છે તેથી કર્મમાં કાંઇ ફેર પડતો નથી. તારી જો દીક્ષામાર્ગે જવાની ઇચ્છા હોય તો તારાં દરેક કામનાં પરિણામનો તારે વિચાર કરવો જોઇએ કે જેથી અવિચારી ઘાતકીપણાનો અપરાધ તું કરી બેસે નહિ.

વહેમ એક બીજું ભારે પાપ છે; અને એથી ઘણું ભયંકર ઘાતકીપણું ગુજરેલું છે. વહેમના ગુલામ બનેલા માણસો પોતાના કરતાં ડાહ્યા માણસો

ને ધિક્કારે છે અને પોતે જેવું કરે છે તેવું તેમની પાસે કરાવાને મથે છે. પ્રાણીઓનો ભોગ આપવો જોઇએ. આવા વહેમને લીધે તેમજ માણસને ખોરાક તરીકે માંસ વાપર્યા વિના ચાલેજ નહી એવા એથી પણ વધારે ઘાતકી વહેમને લીધે કેટલાં બધાં પ્રાણીઓની કમકમાટ ઉપજાવે એવી કતલ થાય છે તેનો વિચાર કરો. આપણી પ્રિય ભારતભૂમિમાં પણ વહેમને લીધે હલકી જાતના લોકો સાથે કેવી રીતે વર્તવામાં આવે છે તેનો વિચારકર અને પછી જો કે ભ્રાતૃભાવનો ધર્મ જાણનારાઓ પણ આ દુર્ગુણથી કેટલું બધું નિર્દય ઘાતકીપણું ગુજારે છે. આ વહેમના ઓથાર નીચે ડઆઇને પ્રેમ મૂર્ત્તિ ઇશ્વરને નામે ઘણા અપરાધો કરવામાં આવ્યા છે; માટે ઘણીજ સંભાળ રાખજે કે આની છાયા સરખી એ તારામાં રહે નહિ.

આ ત્રણ મહાન અપરાધોથી તારે દૂર રહેવું

જોઇએ, કારણકે તે પ્રેમના વિરોધી હોવાથી તારા કોઈ પણ રીતે આગળ વધવામાં આડ થઇ પડે છે. આથી બુરા કામથી તારે દૂર રહેવું એટલુંજ માત્ર બસ નથી પણ ભલાં કામ કરવામાં તારે તત્પર રહેવું જોઇએ. સેવા કરવાની એવી તો જબરી ઇચ્છા એ તારા મનમાં વાસ કરેલો હોવો જોઇએ કે તારી આસપાસ દરેકને એટલે એકલાં મનુષ્યનેજ નહિ, પણ પ્રાણી અને ઝાડપાનને પણ મદદ કરવાની તક તારે હમેશાં શોધતાજ રહેવું જોઇએ, દરરોજ નાનાં નાનાં કામોમાં તારે મદદ કરવી જોઈએ, કે જેથી તને આવી ટેવ પડી જાય, અને મોટું કામ કરવાની કદી મદી તક મળે તે જતી ન રહે. કારણકે ઇશ્વરની સાથે એક થવાની તારી આતુરતા તારી પોતાની ખાતર નથી, પણ તારા જાતિ બંધુઓના ઉપર ઇશ્વરનો પ્રેમ વહેવાની તુ એક પ્રનાલિકા થઈ રહે તેટલાજ ખાતર છે.

આ માર્ગ ઉપર જે ચઢી ચૂકયો છે તે પોતાને માટે નહિં પણ બીજાને માટેજ જીવે છે. બીજાઓની પોતે સેવા કરી શકે તેટલા માટે તેણે પોતાની જાતનેતો વિસારીજ મૂકી છે. તે ઇશ્વરના હાથમાં લેખણરૂપ છે, જે લેખણ મારફતે ઇશ્વરના વિચાર વહે અને દુનીઆમાં જાહેર થાય; આવી લેખણવિના તેમ થઇ શકત નહિં. વળી તે માણસ જીવતી જયોત છે અને તેના હ્રદયમાં જે ઇશ્વરી પ્રેમ ભરેલો છે તેનાં કીરણો તે દ્વારાજ દુનીઆ ઉપર બધે ફેલાય છે.

બીજાને મદદ કરવાની જ્ઞાનશક્તિ, તે જ્ઞાન શક્તિને દોરનાર ઇચ્છા શક્તિ, અને તે ઇચ્છા શ-ક્તિને, સતેજ કરનાર પ્રેમશક્તિ, આ ત્રણ શકિત ઓજ તમને અધિકારી બનાવી શકે. ઇચ્છા શકિત, જ્ઞાન શકિત, અને પ્રેમશકિત એ ઇશ્વરના ત્રણ અંશો છે; અને ઇશ્વરના સેવક મંડળમાં દાખલ થવાની તું ઇચ્છા રાખે છે તેથી આ ત્રણે અંશો તારા આચારમાં પ્રકટ થવા જોઇએ.

આ વિશ્વના કુરૂક્ષેત્રની વચમાં અહિં ઊભો રહું,
ને સદ્દગુરૂના બોધ કેરા શ્રવણની રાહ જોઉં છું;
હું ગુપ્તજ્યોતિ પ્રકાશ ક્યારે પ્રકટશે તેને લહું,
આજ્ઞા કરે તે પાળવા ઉત્સુક અને તત્પર રહું. ૧.

જનવૃંદમાં છુપાઇ સંજ્ઞા અલ્પ પણ ગુરૂ જે કરે,
સત્વર સમજવા અર્થ તેનો હૃદય ઉત્સુકતા ધરે;
સંસારના સંગીતની લલકારમાં શ્રવણે પડે,
તવ શબ્દ સ્વરતે શ્રવણ કરવા કર્ણમુજ સજ થઇ રહે. ૨.

પ્રકાશકની અર્પણપત્રિકા.

વિદેહી બંધુ હરેન્દ્રને.

જે સૂક્ષ્મ ભૂમિકા વિષે વિદેહી બંધુ તું વસે,
ત્યાં દિવ્ય વર્ણે ચિત્રગુપ્તે બોધ આ લખાયો હશે.
તે સૂક્ષ્મ ચક્ષુએ ઉકેલી નિત્ય અંતર રાખજે;
જવ જન્મ લૈ આ જગતમાં જન અંતરે રેલાવજે.